# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી ભુજ

**Date: 24-07-2026 Day: Friday Evening: 6.25 to 6.30 pm**

**આકાશવાણી ભુજ સમાચાર અશરફ નથવાણી વાંચે છે.**

---

## રાજ્યમાં ભારે વરસાદ

છેલ્લા ત્રણ દિવસથી પડી રહેલા ભારે વરસાદે ગુજરાતને ધમરોળ્યું છે. દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાત બાદ હવે આજે ઉત્તર ગુજરાતમાં પણ ભારે વરસાદ પડી રહ્યો છે.

વહેલી સવારથી અત્યાર સુધી રાજ્યના 239 તાલુકામાં વરસાદ નોંધાયો છે. અનેક માર્ગો પ્રભાવિત થયા છે અને વાહન વ્યવહાર મોટા પાયે ખોરવાયો છે.

દરમિયાન અસરગ્રસ્ત વિસ્તારોમાં NDRF અને SDRFની ટીમો ઉપરાંત આર્મીએ પણ મોરચો સંભાળ્યો છે.

કોઈપણ કટોકટીને પહોંચી વળવા NDRF-SDRFની કુલ 49 ટીમો અને ભારતીય સેનાની 6 ટીમ અમદાવાદ, નવસારી અને વલસાડમાં તૈનાત કરવામાં આવી છે.

દરમ્યાન, છેલ્લા કેટલાક દિવસથી વાદળછાયા વાતાવરણ વચ્ચે કચ્છમાં પણ વરસાદની રાહનો આખરે અંત આવ્યો છે.મો ડી રાત્રે ગાંધીધામ, ભચાઉ અને રાપરમાં શરૂ થયેલ વરસાદ આજે સાંજ સુધી યથાવત રહ્યો છે. આર્થિક પાટનગર ગણાતા ગાંધીધામ શહેરમાં અને કંડલામાં તોફાની પવન સાથે ધોધમાર વરસાદ ખાબક્યો હતો. ઉપરાંત આજે સવારથી રાપર અને ભચાઉમાં પણ સાર્વત્રિક વરસાદ પડ્યો છે.

લાંબા સમય બાદ વરસાદ વરસતા ખેડૂતો અને માલધારીઓમાં ખુશીની લાગણી ફેલાઈ છે.

પશ્ચિમ કચ્છમાં જીલ્લા મથક ભુજ, માંડવી, મુન્દ્રા અને નખત્રાણામાં ધીમી ધારે વરસાદ વરસી રહ્યો છે.

જીલ્લા કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત આંકડાઓ અનુસાર આજે સવારે ૬ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધીમાં રાપરમાં સૌથી વધુ ૮૭ મીલીમીટર જ્યારે ભચાઉમાં ૬૧ મીલીમીટર વરસાદ નોંધાયો છે. જયારે, અંજાર તાલુકામાં ૧૯, ગાંધીધામમાં ૧૮, ભુજમાં ૧૬, માંડવીમાં ૮, મુન્દ્રામાં ૭ મીલીમીટર વરસાદ છેલ્લા ૧૨ કલાકમાં પડ્યો છે.

-----------------------------------------------------------------------------------------

# રાજ્યમાં રેલવે વ્યવહાર ખોરવાયો

રાજ્યમાં સતત વરસી રહેલા ભારે વરસાદને કારણે અનેક ટ્રેન સેવાઓ પ્રભાવિત થઈ છે. બિલીમોરા તેમજ અમદાવાદ-વિરમગામ રેલખંડમાં જળબંબાકારની સ્થિતિ સર્જાતા સલામતીના કારણોસર અનેક ટ્રેનો રદ કરવામાં આવી છે, જ્યારે કેટલીક ટ્રેનોના રૂટમાં ફેરફાર કરવામાં આવ્યો છે અને અમુક ટ્રેનોને આંશિક રીતે રદ કરવામાં આવી છે.

પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન દ્વારા જાહેર કરવામાં આવેલી માહિતી અનુસાર, અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ ગુજરાત સુપરફાસ્ટ એક્સપ્રેસ, ગાંધીનગર કેપિટલ-મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત એક્સપ્રેસ, અમદાવાદ-ઓખા વંદે ભારત એક્સપ્રેસ, અમદાવાદ-મુંબઈ શતાબ્દી એક્સપ્રેસ સહિત અનેક ટ્રેનો આજે સંપૂર્ણપણે રદ કરવામાં આવી છે.

આ ઉપરાંત, ગાંધીધામ-નાગરકોઈલ એક્સપ્રેસ, ભુજ-અમદાવાદ નમો ભારત રેપિડ રેલ, વેરાવળ-જબલપુર એક્સપ્રેસ, વેરાવળ-સાબરમતી વંદે ભારત અને સોમનાથ એક્સપ્રેસ સહિતની ટ્રેનોને વૈકલ્પિક રૂટ પરથી દોડાવવામાં આવી રહી છે.

દરમિયાન, ભુજ-બરેલી એક્સપ્રેસ આજે તેના નિર્ધારિત સમય સાંજે 4 વાગ્યાને 15 મિનિટના બદલે સાંજે 7 વાગ્યાને 50 મિનિટે ભુજથી રવાના થશે.

પશ્ચિમ રેલવેએ મુસાફરોને યાત્રા શરૂ કરતા પહેલાં રેલવેની સત્તાવાર વેબસાઇટ, NTES અથવા RailMadad એપ દ્વારા પોતાની ટ્રેનની નવીનતમ સ્થિતિ ચકાસવાની અપીલ કરી છે.

પશ્ચિમ રેલવે અમદાવાદ ડિવિઝનના જન સંપર્ક અધિકારી અજય સોલંકીએ આ અંગે વધુ માહિતી આપી હતી.

બાઈટ... અજય સોલંકી, જન સંપર્ક અધિકારી-અમદાવાદ ડિવિઝન

---------------------------------------------------------------------------------------

# આગાહી

દરમ્યાન, હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. અમદાવાદ, વાવ-થરાદ, મોરબી, સુરેન્દ્રનગર, આણંદ, ખેડા અને ગાંધીનગર જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે કચ્છ, જામનગર, રાજકોટ, અમરેલી અને બોટાદ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે પવન ફૂંકાવાની પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં દરિયો ખૂબ જ રફ રહેવાની શક્યતા છે. જેથી, માછીમારોને આગામી બે દિવસ

સુધી દરિયો ન ખેડવા માટે ખાસ સૂચના આપવામાં આવી છે. દક્ષિણ ગુજરાતના બંદરો પર 3 નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે.

હાલ રાજ્યમાં પાંચ સિસ્ટમ સક્રિય હોવાના કારણે વ્યાપક અને ભારે વરસાદની શક્યતા યથાવત હોવાનું હવામાન વિભાગના નિયામક ડૉ. એ કે દાસે જણાવ્યું છે.

બાઈટ.... ડૉ. એ કે દાસ, નિયામક-હવામાન વિભાગ

---------------------------------------------------------------------------------------

## વીજ સબ સ્ટેશનનું ભૂમિ પૂજન

ભુજ તાલુકાના ચુબડક ખાતે રાજ્યમંત્રી ત્રિકમભાઇ છાંગાના હસ્તે ૬૬ કે.વી સબ સ્ટેશનનું ભૂમિપૂજન કરાયું હતું. ૧૧ કરોડ ૨૨ લાખ રૂપિયાના ખર્ચે બનનાર આ સબ સ્ટેશન કાર્યરત થતાં ૪ ગામોને પર્યાપ્ત વીજળી મળી રહેશે.

આ પ્રસંગે શ્રી છાંગાએ જણાવ્યું કે, ચુબડક સબસ્ટેશના કારણે ખેતી અને બિનખેતી વપરાશકારોને વિના વિક્ષેપે વીજળી તથા નવા વીજજોડાણો આપી શકાશે, ઉપરાંત ૪ ગામના ગ્રામીણ, ખેતીવાડી અને ઔદ્યોગિક વિસ્તારના અંદાજે ૧૧૦૦ ગ્રાહકોને સતત ગુણવત્તાસભર વીજળી પૂરી પાડી શકાશે.

---------------------------------------------------------------------------------------

## પ્રાચીન શિવ મંદિર ખાતે લાઇવ સ્કેચિંગ

કચ્છ મ્યુઝિયમ અને પુરાતત્વ વિભાગના સંયુક્ત ઉપક્રમે કેરાના 10 મી સદીના પ્રાચીન શિવ મંદિર ખાતે લાઈવ સ્કેચિંગ આઉટરીચ પ્રોગ્રામ યોજાયો હતો.

---------------------------------------------------------------------------------------

## બાલિકા પંચાયત

જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી હેઠળની DHEWની ટીમ દ્વારા માંડવી તાલુકાના મસ્કા ખાતે બાલિકા પંચાયતની દીકરીઓ સાથે સંવાદ કાર્યક્રમ તથા બાલિકા પંચાયતની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------------------